ગુજરાતની પ્રજા જગતની સૌથી વધુ અહિંસક અને શાંત પ્રજા છે ! - મહાન ઈતિહાસવિદ્ એચ. જી. વેલ્સ

વિશ્વસનીય રાષ્ટ્રીય દૈનિક

# ધી મેસેજ

R.N.I. No. 48784/90

visit us : www.messagedaily.com

email : message_ad1@rediffmail.com
message_ad1@yahoo.com

વર્ષ : ૧૧ અંક : ૧૪૬ વિ. સં. ૨૦૬૮ના મહા વદ-એકમ બુધવાર તા. ૦૮-૦૨-૨૦૧૨ માલિક, મુદ્રક, પ્રકાશક : એમ.કે. સૈયદ, છુટક નકલ રૂા. ૧/- પાના - ૪ ફોન : ૨૫૦૦૪૨ Posting Lic. No. : GBK/104 /2009-2011

૨૦૦૬ ફાયરિંગ મામલે

## હાઈકોર્ટે સ્વામી સચ્ચિદાનંદના આગોતરા જામીન મંજુર કર્યાં

### ૨૦૦૬માં ફાયરિંગ કરી બાબુ મોહનિયાની હત્યા કરી હોવાનો આરોપ હતો



(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭

પેટલાદ તાલુકાના દંતાલી ખાતેના આશ્રમમાં ૨૦૦૬માં થયેલા ફાયરિંગમાં એક વ્યક્તિના મૃત્યુના કેસમાં આરોપી મનાતા સ્વામી સચ્ચિદાનંદ દ્વારા ગુજરાત હાઈકોર્ટ સમક્ષ આગોતરા જામીન માટે કરેલી અરજી જસ્ટિસ એમ.ડી.શાહે સ્વીકારી લેતાં તેમનાં જામીન મંજુર કરવામાં આવ્યા હતા.

આ કેસની વિગત એવી છે કે ૧૭ જુલાઈ ૨૦૦૬માં દંતાલી આશ્રમ ખાતે કેટલાક ધારપાડુ ત્રાટક્યા હતા અને તેમણે હરિભક્તો સાથે મારામારી પણ કરી હતી. બાદમાં તેઓ આશ્રમના ઉપરના માળે આવેલા કક્ષ તરફ ધસ્યા હતા, જ્યાં સ્વામી સચ્ચિદાનંદ દ્વારા તેમની લાઈસન્સવાળી રિવોલ્વરમાંથી ફાયરિંગ કરાયું હતું. જેમાં બાબુ મોહનિયા નામની વ્યક્તિનું મૃત્યુ થયું હતું.જેથી આ મામલે સ્વામીજી પર ફોજદારી ગુનો નોંધી હત્યાના મામલાની તપાસ થવી જોઈએ, તેવી માંગ મૃતકના કુટુંબીઓ દ્વારા કરાઈ હતી. આ મામલે સ્વામીજીની ધરપકડના ભણકારા વધી જતાં તેમણે આણંદની એડિશનલ સેશન્સ કોર્ટમાં આગોતરા જામીન અરજી કરી હતી. જે ફગાવી દેવાતા તેમણે ગુજરાત હાઈકોર્ટમાં અરજી કરી હતી.

## ડી.આઈ.એલ.આર. કચેરીની ટીમ દ્વારા...

# ઈકબાલગઢમાં ગામતળની માપણી દરમિયાન હોબાળો

### ગ્રામ પંચાયતના સભ્યએ સર્વે નં. ૩૦ની હદ પૂછતાં માપણી પહેલાં અધિકારીએ હદ દર્શાવતાં વિવાદ સર્જાયો

### સર્વે નં. ૨૭/૧ અને ૨૭/૨ના નકશાની સીટ જોતાં માપ એકસરખો ન આવતાં માપણી મુલતવી રખાઈ



તસ્વીર : પ્રવિણ અગ્રવાલ, ઈકબાલગઢ

(પ્રતિનિધિ) ઈકબાલગઢ,તા.૭

અમીરગઢ તાલુકાના ઈકબાલગઢ ગામે ખાનગી માલિકીના સર્વે નં. ૩૦ની જમીનમાં પંચાયત, વહીવટી તંત્ર યુજીવીસીએલ સહિત અન્ય શખ્સોએ મસમોટાં દબાણો કરી ખાનગી માલિકીની જમીન પચાવી પાડી છે એ બાબતે ધી મેસેજ દ્વારા સવિસ્તાર અહેવાલ પ્રસિધ્ધ કરાતાં તંત્ર દોડતું થયું હતું. દરમિયાન આજે ડીઆઈએલઆર કચેરીના અધિકારીઓની ટીમ દ્વારા ઈકબાલગઢમાં ગામતળની માપણી કરવાની પ્રક્રિયા હાથ ધરાતાં (અનુસંધાન ત્રીજે પાને)



બારડોલી ખાતે સદભાવના મિશન અંતર્ગત વોરા સમુદાયના લોકો સાથે મિલાપ કરતાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી...

## ફાર્મસી દ્વારા ટ્રાન્સપોર્ટમાં હિમાચલ પ્રદેશ મોકલવામાં આવેલી દવા મીઠું બની ગઈ

### રસ્તામાં ટ્રકચાલકે સીલ તોડી દવા લઈને મીઠું ભરી દીધું

(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭

પાલનપુર-દાંતીવાડા રોડ ઉપર ડાંગીયા-મડાણા પાસે આવેલ એક ફાર્મસી દ્વારા ટ્રાન્સપોર્ટમાં હિમાચલ પ્રદેશ ખાતે મોકલવામાં આવેલી દવા મીઠું બની જતાં આ અંગે ફાર્મસીના માલિકે શહેર પોલિસ મથકે ફરિયાદ નોંધાવી છે. આ અંગેની વિગત એવી છે કે, ડાંગીયા-મડાણા રોડ ઉપર આવેલી બી. શારદા ફાર્મસી દ્વારા આજથી વીસેક દિવસ અગાઉ 'ડોમ પેરીડોન' નામનો ઉલ્ટીની દવા બનાવવા માટે વપરાતો પાવડર ટીસીઆઈ ટ્રાન્સપોર્ટ દ્વારા હિમાચલ પ્રદેશ ખાતે કાલાઓબ (જિ. શિરમોર) ખાતે મેડીસીસ ફાર્મામાં મોકલ્યો હતો. ૧૨૫ કિલોનું વજન ધરાવતાં આ પાવડરની કિંમત રૂા. ૪.૫૦ લાખ હતી. દરમિયાન મેડીસીસ ફાર્માને આ પાવડરનો જથ્થો મળતાં તેણે સીલ તોડીને જોતાં અંદરથી દવાના પાવડરના બદલે મીઠું નીકળ્યું હતું. જેથી કંપનીવાળાએ આ અંગેની જાણ બી. શારદા ફાર્મસીના માલિક મુકેશભાઈ બળદેવભાઈ કેલાને કરતાં તેઓ તરત જ હિમાચલ પ્રદેશ દોડી ગયા હતા અને કંપનીમાં જઈ તપાસ કરતાં સત્ય હકીકત જણાતાં તેઓએ પાલનપુર આવી દવાની ચોરી કરી મીઠું મૂકી છેતરપિંડી કરનાર ટ્રાન્સપોર્ટર વિરુદ્ધ શહેર પોલિસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલિસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

વન્સમોર ઓન પબ્લિક ડિમાન્ડ..

## ટુ ધ પોઈન્ટ



इस देश को दुर्जनों की धृष्टता से जितनी हानि नहीं हुई
इतनी सज्जनों की निष्क्रियता से हुई है । - चाणक्य

### લોકશાહીનાં પવિત્ર મંદિરમાં દલા તરવાડીઓ ક્યાં સુધી ધાપ મારતા રહેશે ?

આખા દેશની મોંઘવારીને ત્રણ વખત ખરીદી શકાય એટલી જંગી રકમ કેવળ કોમનવેલ્થ ગેમ્સમાં ઝાપટી જનારા સાંસદોની કોને દયા આવે છે ? રાજ્યસભાનાં સાંસદ બનવા ૯૦ કરોડ સુધીનું પાર્ટી-ફંડ આપનારા સાંસદને વળી વેતન વધારો શા માટે ? દેશના સાંસદો પૈકી મોટાભાગનાં પાસે બેસૂમાર દોલત છે. વળી આ દોલતનો સ્ત્રોત રાજકારણ જ છે. સાંસદ બન્યા પછી આડાઅવળી રીતે તેની આવકનો કોઈ હિસાબ રહેતો નથી. ઓનરેકર્ડ એવા બે ચાર દ્રષ્ટાંતો જુઓ. ૨૦૦૪માં મણિશંકર ઐયરે ચૂંટણી પંચને પોતાની સંપતિ ૧,૯૩,૯૧,૬૯૯ દર્શાવી હતી. ૨૦૦૯માં તેમણે દર્શાવેલી રકમ ૨૭૧ ટકા વધુ છે ! શરદ પવારે ૩૨,૭૧,૭૫૮૬ની સંપતિ દર્શાવી હતી. ૨૦૦૯માં તેમાં ૧૬૭ ટકા વૃધ્ધિ થયાનું કબૂલ્યું છે. આવી જ રીતે સચિન પાઈલોટ ૨૦૦૪ની સરખામણીએ ૨૦૦૯માં ૧૭૪૬ ટકા વધુ સંપત્તિવાળા બન્યા છે. અજિતસિંહનો આર્થિક વૃધ્ધિ દર ૩૩૪ ટકા છે. લાલુ યાદવ ૨૬૬ ટકા, કમલનાથ ૧૭૩ ટકા, એલ.કે. અડવાણી ૧૭૭ ટકા, રાજીવ ગાંધી ૪૧૪ (અનુસંધાન ત્રીજે પાને)

સદ્‌ભાવના ઉપવાસ અભિયાન સંદર્ભે...

## જિલ્લા ભાજપ ગૌસંવર્ધન સેલની બેઠક મળી

### ગૌસંવર્ધન એ ધાર્મિક મહત્વ ધરાવે છે પરંતુ તે આર્થિક મહત્વ પણ એટલું જ ધરાવે છે : હરિભાઈ ચૌધરી



(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭

અંબાજી ખાતે ૧૨ ફેબ્રુઆરીને રવિવારના રોજ મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના સદ્‌ભાવના ઉપવાસ અભિયાન સંદર્ભે ભારતીય જનતા પાર્ટીના જિલ્લા કાર્યાલય ખાતે ગૌસંવર્ધન સેલની મંડલના કન્વીનર અને સહકન્વીરોની બેઠક મળીહતી.

આ બેઠકને સંબોધન કરતાં પ્રદેશના પૂર્વ ઉપાધ્યક્ષ અને પૂર્વ સંસદસભ્ય હરિભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, અંબાજી ખાતે જે સદ્‌ભાવના ઉપવાસ મુખ્યમંત્રી કરવાના છે તે રાજ્યકક્ષાના છે જેમાં વિશ્વભરના ઈલેક્ટ્રોનિકસ અને પ્રિન્ટ મિડીયાના સભ્યો ઉપસ્થિત રહેશે ત્યારે આપણી યજમાન તરીકે એ ફરજ છે કે સમગ્ર પ્રસંગ ખૂબ જ સુંદર રીતે સફળ થાય. હરિભાઈએ જણાવ્યું (અનુસંધાન ત્રીજે પાને)

## દેરાસરમાંથી મહાવીરની મૂર્તિની ચોરી



તસ્વીર : ઈમરાન સૈયદ

(મે.ન્યુ.સ.) પાલનપુર,તા.૭

ગત રવિવારના રોજ પાલનપુરમાં એક દીક્ષાર્થીની શોભાયાત્રા દરમિયાન ઈદગાહ રોડ ઉપર શામળા મહાવીરના દેરાસરમાં જમણવાર હોઈ લોકો દર્શન માટે અવરજવર કરતા હતા તે દરમિયાન કોઈક શખ્સે પૂજારીની નજર ચૂકવી ૭ બાય ૭ની સાઈઝની પંચધાતુની મહાવીરની મૂર્તિ જેની કિંમત રૂા. ૭૦,૦૦૦ થાય છે તેની ચોરી કરી હતી. આ ચોરીની ફરિયાદ દેરાસરના ટ્રસ્ટી ભગવાનભાઈ ચમનભાઈ શાહએ શહેર પોલિસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલિસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## અંબાજી મંદિરના બંધ દરવાજાઓને લઈ...

# યાત્રાળુઓ હાલાકી ભોગવે છે- વેપારીઓના ધંધા ઠપ થઈ ગયા છે

### મુખ્યમંત્રીશ્રી યાત્રાળુઓ-વેપારીઓ પરત્વે સદ્‌ભાવના દર્શાવી બંધ દ્વાર ખોલવાના આદેશ આપે

(મે.ન્યુ.સ.) અંબાજી,તા.૭

સુરક્ષાના કારણોને લઈ જગદ્‌જનની મા અંબાના પવિત્ર મંદિરના મુખ્ય દરવાજાઓ છેલ્લા કેટલાયે વર્ષોથી બંધ છે. આ બંધ દરવાજાઓને લઈ અનેક વૃધ્ધ યાત્રાળુઓ ભારે તકલીફ ભોગવે છે અને બંધ દરવાજાઓને લઈ દરવાજા આજુબાજુના વેપારીઓના વેપાર-રોજગાર ઠપ્પ થઈ જવા પામ્યા છે. અનેક વખતે અંબાજીના લોકોએ-યાત્રાળુઓએ તથા વેપારીઓએ મક્કમ રજૂઆતો કરીને દરવાજા ખોલવા અને પૂરતો ચોકી-પહેરો ગોઠવવા વિનંતીઓ કરેલ છે, આવેદનપત્રો પાઠવેલ છે છતાં લોકોની વ્યથા પરત્વે કોઈ ધ્યાન અપાતું નથી એટલે અંબાજીના લોકોમાં ભારે નારાજગી પ્રવર્તી રહી છે.

આજરોજ કેટલાક આગેવાનો તથા વેપારીઓની ગુપ્ત મિટિંગ મળી હોવાના સમાચાર મળ્યા છે અને આ મિટિંગમાં એવું નક્કી કરાયું છે કે, ગુજરાતના હૃદયસમ્રાટ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી પવિત્ર અંબાજી મુકામે સદ્‌ભાવના યાત્રાનું સમાપન કરવા મંત્રી મંડળ સહિત પધારી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રીશ્રીએ દૂર દૂરથી આવતા માઈભકત યાત્રાળુઓ અને

**જો બંધ દરવાજા નહીં ઉઘડે તો અંબાજી બંધ...!**

અંબાજીના વહેપારીઓ તથા લોકોની લાગણીને માન આપીને સદ્‌ભાવના યાત્રા પહેલાં મંદિરના બંધ દરવાજા ખોલાવી નાખવાનો આવકારદાયક નિર્ણય કરીને સદ્‌ભાવના દર્શાવવી જરૂરી છે. અન્યથા વેપાર-ધંધા-રોજગાર બંધ થવાથી રોજીરોટી ગુમાવી ચૂકેલા વેપારીઓ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવવા અંબાજીના આગેવાનોએ તા.૧૨મીના રોજ અંબાજી બંધનો એલાન આપશે અને મુખ્યમંત્રીશ્રીના સદ્‌ભાવના કાર્યક્રમનો બહિષ્કાર કરશે. કેટલાક વેપારીઓએ એવું જણાવ્યું હતું કે, મંદિરના બંધ દરવાજાઓ ખોલાવવા અમો કોંગ્રેસની શરણે જઈશું નહીં કેમ કે અમોને શ્રદધા છે કે મુખ્યમંત્રીશ્રી બંધ દરવાજાઓ ખોલાવી નાખવાનો આવકારદાયક નિર્ણય કરશે તો સદ્‌ભાવના દર્શાવવા બદલ અંબાજીના લોકો અને વહેપારીઓ મુખ્યમંત્રીશ્રીનું ભવ્ય સ્વાગત કરવા તૈયાર છે પણ જો સુરક્ષાનું ખોખલુ બહાનું બનાવી દરવાજા ખોલવાનો નિર્ણય નહિ કરાય તો અંબાજીના લોકો નાછુટકે મુખ્યમંત્રીશ્રીના કાર્યક્રમનો બહિષ્કાર કરશે અને દુઃખ પ્રગટ કરવા અંબાજી બંધનો એલાન આપશે તેવી વ્યાપક ચર્ચાઓ અંબાજીમાં ચૌરે ને ચોટે થઈ રહી છે જેને મુખ્યમંત્રીશ્રીએ ગંભીરતાથી ધ્યાને લેવાની અને બંધ દરવાજા ખોલવાનો હુકમ કરવો જરૂરી છે.

### બેસણું



સ્વ. હરખાભાઈ પુંજાભાઈ ચક્રવર્તી (ઉ. ૧૧૧ વર્ષ)

અમારા પિતાશ્રી હરખાભાઈ પુંજાભાઈ ચક્રવર્તીનું દુઃખદ અવસાન થયેલ છે, ભગવાનને જે ગમ્યું તે ખરું. સદ્‌ગતનું બેસણું તા. ૧૦-૨-૨૦૧૨ શુક્રવાર ના રોજ સવારે ૧૧ થી ૪ કલાકે અમારા ફાર્મ હાઉસ ખાતે રાખેલ છે.

સ્થળ : વિજય ફાર્મ, ડીસા-થરાદ હાઈવે, મુ. ગોઢા, તા. ડીસા, જી. બનાસકાંઠા. મો. ૯૪૨૬૦ ૨૭૭૭૭.

લિ. વિજય ચક્રવર્તી
(મા. પ્રમુખ : જીલ્લા પંચાયત, બનાસકાંઠા)